# પાટણમાં નવજોતસિંહ સિદ્ધુએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા

## દેશની તાસિર અને તકદીર બદલવાનો યશ મોદીને ફાળે જશે : નવજોતસિંહ સિદ્ધુ

પાટણ, તા. ૨૪

ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને ગુજરાત કે શેર તરીકે બિરદાવતા ભાજપના સાંસદ અને સ્ટાર પ્રચારક ભારતના વિશ્વ પ્રસિદ્ધ ક્રિકેટર અને રોમાંચક કોમેન્ટેટર નવજોતસિંહ સિદ્ધુએ આજે પાટણ ખાતે યોજાયેલી ચૂંટણી સભામાં જણાવ્યું હતું કે કોંગ્રેસે દેશની બદહાલી કરી છે અને કોંગ્રેસ મુન્ની કરતાય બદતર રીતે બદનામ થઈ છે. ત્યારે દેશની તસ્વીર અને તાસિરને બદલવા માટે આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપને વિજયી બનાવી નરેન્દ્રભાઈ મોદીને દેશના વડાપ્રધાન તરીકે નિયુક્ત કરવા માટે ગુજરાત ભાજપને વિજયી બનાવી કોંગ્રેસના ડગુમગુ થયેલા નાવડાને ડુબાડી દેવાની નવજોતસિંહ સિધ્ધુએ હાંકલ કરી હતી.

શેરો-શાયરીના રંગીલા વાતાવરણ વચ્ચે અને મંત્રમુગ્ધ શ્રોતાઓના તાલીઓના ગડગડાટ વચ્ચે નવજોતસિંહ સિદ્ધુએ ઉમેર્યું હતું કે વિકાસના ક્ષેત્રે ગુજરાતે અભુતપૂર્વ કામયાબી હાંસલ કરી છે. વીજળી-પાણી-રોડ-રસ્તાના સર્વતોમુખિ વિકાસ, સુશાસન અને પ્રજાલક્ષી વહીવટ થકી નરેન્દ્રભાઈ મોદીએ લોકોનું ભરપુર સમર્થન અને સ્વિકૃત હાંસલ કર્યા છે. નરેન્દ્રભાઈ મોદીને આખા દેશનો દુલાર અને પ્રેમ મળી રહ્યો છે. નરેન્દ્રભાઈ મોદી હિન્દુસ્તાનને સોનેકી ચીડિયા બનાવવા માંગે છે અને કમજોર બદનામ કોંગ્રેસ દેશને સોનિયા કી ચીડિયા બનાવવા માંગે છે.


(તસવીર : ચેતન રામી, પાટણ)

સરદાર ડૉ. મનમોહનસિંહ બિન અસરદાર સાબિત થયા છે. અર્થતંત્ર ગબડ્યું છે. દેશની હાલત કથળી છે ત્યારે દેશ આખાની મીટ નરેન્દ્રભાઈ મોદી તરફ મંડાઈ છે. નરેન્દ્રભાઈ મોદી હિન્દુસ્તાનની લોકશ્રદ્ધાના અધિકારી બન્યા છે. ભાજપના પ્રદેશ પ્રમુખશ્રી આર.સી. ફળદુએ જણાવ્યું હતું કે કૃષિ ઉદ્યોગ, વેપાર સાથે ગુજરાતે વિશ્વમાન્ય પ્રગતિ સાધી છે. નરેન્દ્રભાઈ મોદીની રાહબરી હેઠળ આગામી ૫ વર્ષમાં ગુજરાતમાં બાવન લાખ નવા મકાનોનું નિર્માણ થવાનું છે.

કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી રણછોડભાઈ દેસાઈ,એસ.ટી. બોર્ડના ડીરેક્ટર અને પ્રદેશ ભાજપના અગ્રણી કે.સી. પટેલ, શહેર ભાજપના પ્રમુખ મનોજ પટેલ, મહામંત્રી ભરત ભાટીયા. ડૉ. જે.કે. પટેલ, મનસુખભાઈ, નગરપાલિકા પ્રમુખ હેમંત તન્ના તથા જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ આર્ય સહિત વિવિધ સેલના હોદ્દેદારો, મહિલા અગ્રણીઓ, યુવાનો ખુલ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## ડીસા એસ.ટી. વિભાગ કર્મચારીઓની ચૂંટણી

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર એસ.ટી. નિગમ પાલનપુર વિભાગની એસ.ટી. કચેરીઓની ક્રેડીટ સોસાયટીની સાત ડેપો અને વિભાગીય કચેરીની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં એસ.ટી. ક્રેડીટ સોસાયટીના સભાસદોએ ઉત્સાહભેર મતદાન કર્યું હતું. જેમાં પાલનપુર, ડીસા, અંબાજી, સિદ્ધપુર, થરાદ, દિયોદર, રાધનપુર અને વિભાગીય કચેરીની બેઠક માટે એમ કુલ ૨૧ ઉમેદવારો માટે મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

ડીસા કેન્દ્રમાં ૩ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામ્યો હતો. જેમાં અશોકભાઈ મગનભાઈ પ્રજાપતિ, મુકેશભાઈ નાગરદાસ પટેલ અને પ્રવિણભાઈ બબાભાઈ વાગડીયા વચ્ચે ચૂંટણી જંગ જામ્યો હતો. જેમાં કુલ ૨૫૪ મતદારો તે માટે હતા. અને તમામ મતદારોએ ઉત્સાહભેર મતદાન કર્યું હતું. અને આનુ પરિણામ મોડી સાંજે જાહેર કરાશે. તેમ એસ.ટી. વિભાગના સુત્રોએ જણાવ્યું હતું.

# માલપુરની યુવતીએ ઘોર કલયુગમાં પણ પ્રામાણિકતાની મહેક પ્રસરાવી

## લગ્ન સમારોહમાંથી મળેલી સવા તોલાની સોનાની ચેઈન મૂળ માલિક સુધી પહોંચાડી

અરવલ્લી, તા. ૨૪

આજના ઘોર કલીયુગમાં સરેઆમ લૂંટફાટ, જુઠ, અવનવી તરકીબો કરી માનવ જાતને છેતરવાના અનેક પ્રકારના નુસકા થઈ રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના પરસોડા ગામની એક મહિલાએ પ્રમાણિકતાના દર્શન પૂરા પાડ્યા છે. વાત એમ છે કે પરસોડા પંચાયતના સરપંચ રાજેન્દ્રભાઈ નાથાભાઈ પટેલના પુત્ર નયનનો લગ્ન સમારોહ તા. ૨૧-૪-૨૦૧ ૩ના રોજ વરઘોડા અને મહેમાનોનું જમણવારનો પ્રસંગ હતો ત્યારે મેવડા ગામથી પટેલ શંકરભાઈના ઘરેથી મામેરૂ -પરસોડા મુકામે ગયેલ હતું. જેમાં મેવડા ગામનો એક નવ યુવાન કપિલ પણ આ પ્રસંગે ગયેલ હતો જેના ગળામાં સવા તોલાની સોનાની ચેઈન આ લગ્ન પ્રસંગમાં ક્યાંક પડી ગઈ હતી જે અંગેની ખબર તા. ૨૨-૪-૨૦૧૪ મંગળવારના રોજ થયેલ કે ગળામાંથી સોનાની ચેઈન ગુમ થઈ ગઈ છે.

હાંફળો-ફાંફળો ગભરાયેલ નવ યુવાને પોતાની મમ્મીને સોનાની ચેઈન ક્યાંક ગુમ થયાની વાત કરતાં ગામમાં અને આડોશ-પાડોશ તેમજ જ્યાં લગ્નમાં ગયેલ હતાં તેમાં શોધખોળ ચાલી રહી હતી તેવામાં કેટલાક મિત્રઓએ જણાવ્યું કે જેનું લગ્ન હતું તે નયનને ખાનગીમાં સોનાની ચેઈનની તપાસ કરવાનું જણાવેલ હતું જેણએ પોતાના પરિવારમાં આ બાબતની વાત કરતા તેના પપ્પાના કાકા ભગાભાઈ પટેલના પુત્ર દિનેશભાઈની પત્ની આશાબેનને સોનાની ચેઈન મળી હતી જે સોનાની ચેઈન મુળ માલિક કપિલને ફોન કરી પરસોડા ગામે બોલાવી પરત કરી હતી આમ કલિયુગમાં પણ સત્ય અને પ્રમાણિકતાનું ઉદાહરણ પુરૂ પાડી એક માનવતાની મહેક પ્રસરાવતા સમાજમાં આનંદની લાગણી પ્રસરી છે. અને પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# માર્ગો પર ઈન્ડીકેટરમાં ક્ષેત્રોના ખોટા નામોથી લોકોને હાલાકી

## ખોટા એરો હોવાથી અજાણ વાહન ચાલકોને ભારે મુશ્કેલી નડે છે : વારંવાર ધક્કા ખાય છે : ભારે બેદરકારી સપાટીએ

અમદાવાદ, તા.૨૪

અમદાવાદના શહેરીજનોને એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં સરળતાથી જઈ શકે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રસ્તા ઉપર લાખો રૂપિયાના ખર્ચે બતાવતા ઈન્ડીકેટર લગાવવામાં આવ્યા છે. પરંતુ આવા ઈન્ડીકેટર ઉપર ખોટા સ્થળ અને ખોટા એરા હોવાથી શહેરના વાહનચાલકો મુશ્કેલીમાં મુકાય છે અને તેઓ રસ્તો ભટકી જાય છે. પોતાનું સ્થળ શોધતાં શોધતાં ખોટા માર્ગદર્શન વાળા બોર્ડને લીધે વારંવાર ધક્કા ખાવા પડે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નારણપુરા અને એસજી રોડને જોડતા રોડ પર સોલા હાઉસીંગ કોમ્પલેક્ષ બસ સ્ટેન્ડ આગળ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માર્ગદર્શન બતાવતું બોર્ડ લગાવવામાં આવ્યું છે અને બોર્ડમાં વિવેકાનંદ ચોકનો એરો મારીને દર્શાવ્યું છે પરંતુ હકીકત એ છે કે જે સ્થળ ઉપર એરો મારીને દર્શાવવામાં આવ્યું છે તે જગ્યા પરથી વિવેકાનંદ ચોક જવાતું નથી. અગાઉ પણ આવા ખોટા નામ અને એરા દર્શાવતા ઈન્ડીકેટરને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશનના વિરોધ પક્ષના નેતાએ વાંધો ઉઠાવ્યો હતો જ્યારે સોલા હાઉસીંગ કોમ્પલેક્ષ આગળના ઈન્ડીકેટર પર એક જાગૃત નાગરીકે જણાવ્યુંહતુંજ્યારે બીજી બાજુ શહેરના શાહઆલમ ટોલનાકા પાસે વિસ્તાર દર્શાવતું બોર્ડ મુકવામાં આવ્યું છે પરંતુ બોર્ડની દિશા બદલાઈ ગઈ હોવાથી લોકો બીજી દિશામાં જઈને આમતેમ ભટકે છે. બોર્ડ ફરી જતાં કાંકરીયા તરફ જતો રસ્તો ચંડોળા તળાવ દર્શાવે છે જ્યારે ચંડોળા તળાવ તરફ જતો રસ્તો દાણીલીમડા દર્શાવે છે અને કાંકરીયા વિસ્તાર ગીતામંદિર તરફ દર્શાવે છે. જેથી વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

ઉપરોક્ત વિસ્તારમાંથી જે તે વિસ્તારના મ્યુનિસિપલ કાઉન્સીલરો રહે છે ઉપરાંત તે વિસ્તારમાંથી આવન જાવન કરે છે તેમ છતાં પણ મ્યુનિસિપલ કાઉન્સીલરોને આ ખોટા માર્ગદર્શક બતાવતા ઈન્ડીકેટર દેખાતા નથી એ એક નવાઈની વાત છે.



## અંબાસાના મેળામાં જતી જીપનો અકસ્માત સાત ઘાયલ

ખેડબ્રહ્માના અંબાસા ગામે આજે સવારે મેળો ભરાયો હતો. જે મેળામાં ભાગ લેવા જતા મુસાફરો ભરેલી જીપને અકસ્માત નડતા સાત વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી. ખેડબ્રહ્મા તાલુકાની બોર્ડર પર આવેલ અંબાસા ગામે મેળામાં જવા જીપમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે ડ્રાઈવરે પોતાની જીપના સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ચોકડીમાં ઉતરી પડી હતી જેમાં સાત વ્યક્તિઓ ઘવાઈ હતી. જેમને ૧૦૮ દ્વારા ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. તેમાંથી એકને વધુ ઈજાઓ જણાતા હિંમતનગર રીફર કરવામાં આવ્યો હતો.

# મોડાસાની પરણિતાએ સાસરિયા વિરૂધ્ધ દહેજની ફરિયાદ નોંધાવી

## મોડાસા ટાઉન પી.આઈ. કનુભાઈ ચૌધરીએ સાસરિયાને પકડવા ચક્રો ગતિમાન કર્યા : લઘુમતિ સમાજની પરણિતાએ ૯ જેટલા સાસરિયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી

મોડાસા, તા.૨૪

મોડાસા શહેરના લઘુમતિ સમાજનો એક પરણિત યુવક એક યુવતીને ભગાડી જઈ લગ્ન કર્યા બાદ તેની સાસરીમાં લઈજતાં સાસરિયાઓએ તેનો સ્વીકાર ન કરી ત્રાસ આપી દહેજની માંગણીની ફરિયાદ મોડાસા ટાઉનમાં કરતાં સાસરિયાની ધરપકડના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનથી પ્રાપ્ત માહિતી મુજબ મોડાસાની સહારા સોસાયટીમાં રહેતી રેહાનાબેનને મોડાસાના ઈબ્રાહીમ ઉપાદ કે જે પરણેલો છે તેણે રેહાના સાથે અમદાવાદ જઈ સાસરિયાની સમંતિ વગર પ્રેમલગ્ન કર્યા હતા. ત્યારબાદ પરત મોડાસા ફરતાં આ પ્રેમલગ્ન સાસરિયાની સમંતિ વગર થયા હોઈ સ્વીકાર્યા ન હતા અને ૯ જેટલા સાસરિયાઓએ ભેગા મળી રેહાનાને શારિરીક-માનસિક ત્રાસ આપી ગડદાપાટુનો માર મારી, કપડાં ફાડી નાંખી ઘરેથી કાઢી મુકી હતી. આ ઉપરાંત પૈસાની માંગણી કરી હતી તેથી ના છૂટકે રેહાનાએ મોડાસા ટાઉન પોલીસ મથકમાં ઈબ્રાહીમ રહેમાન ઉપાદ, ખતીબેન ઈબ્રાહીમ ઉપાદ, જાકીર ઈબ્રાહીમ ઉપાદ, ઝૂલ્ફીકાર ઈબ્રાહીમ ઉપાદ, આરીફા ઈબ્રાહીમ ઉપાદ, જમીલા ઉપાદ સહિત ૯ સાસરિયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા ટાઉન પી.આઈ. કનુભાઈ ચૌધરીએ સાસરિયા વિરૂધ્ધ ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૪૯૮ (ક) ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૪ અંતર્ગત પાલનપુર મુકામે બનાસકાંઠા જીલ્લા ચૂંટણી અધિકારી કમ કલેકટરશ્રી મહેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ૨-બનાસકાંઠા સંસદીય મતદાર વિભાગની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જનરલ ઓબ્ઝર્વરશ્રી ટી.ટી.ગામડીક, પોલીસ ઓબ્ઝર્વરશ્રી ડેવીડ લાલરીન સાંગા, પોલીસ અધિક્ષકશ્રી અશોક યાદવ અને ઉમેદવારો તથા રાજકીય પક્ષોના -તિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીએ ૨-બનાસકાંઠા બેઠક માટે ગોઠવાયેલ ચૂંટણીલક્ષી વિવિધ વ્યવસ્થાની વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે કોમ્પ્યુટર દ્વારા રેન્ડમ પધ્ધતિથી ઇ.વી.એમ. અને સ્ટાફની ફાળવણી કરવામાં આવે છે. કલેકટરશ્રીએ ક્રિટીકલ મતદાન મથકોની વિગત આપી હતી. તેમણે કહ્યું કે મતદાન સમયે પુરતી સંખ્યામાં પોલીસ અને પેરામિલીટરી ફોર્સના જવાનો તૈનાત કરાશે. ઉમેદવારોને ખર્ચના હિસાબો તૈયાર કરવા વિશે કલેકટરશ્રીએ પુરતી સમજ આપી હતી.

# માલપુર તાલુકામાં શંકરસિંહ વાઘેલાની સભાઓ યોજાઈ

## પોતાની આગવી છટાથી બાપુએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા

મુલોજ, તા. ૨૪

લોકસભા ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠકો માટે યોજાનાર મતદાનને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે સાબરકાંઠાની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલા છેલ્લા દિવસોમાં દિવસ-રાત ગામડાઓ ખૂંદી રહ્યા છે. દરમિયાન આજે માલપુર તાલુકાના ગામોમાં ચૂંટણી સભાને સંબોધી હતી.

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના અણીઓર ઉભરાણ અને જીતપુર ગામોમાં શંકરસિંહ વાઘેલાએ ચૂંટણી સભાઓને સંબોધી હતી અને ભાજપ માત્ર ઉદ્યોગપતિઓ કે મૂડીપતિઓને જ સાચવે છે. કોંગ્રેસે ગરીબ અને મધ્યમવર્ગ સતત ચિંતા કરી છે. કહેવાતો વિકાસ ઘણેલા વ્યક્તિઓ પુરતો જ સીમીત રહ્યો છે. આ કાર્યક્રમમાં માલપુર તાલુકાના નિવૃત્ત કે.બી. ખાંટ, મહેન્દ્રસિંહ વાઘેલા, પ્રમુખ પ્રતાપસિંહ ખાંટ, વનરાજસિંહ ખાંટ, સુરેન્દ્રસિંહ રાઠોડ સહિત કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



સીવીએમ સંચાલિત એચ.એમ.પટેલ કેરિયર ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે 'પંચતંત્ર'પરની પંચદિવસીય વ્યાખ્યાશ્રેણીના ચોથા દિવસે વક્તા ડૉ.ક્ષિતીશ્વરનાથ પાંડેયે શ્રોતાગણને મંત્રમુગ્ધ કર્યું હતું. ચારુતર વિદ્યામંડળસંચાલિત ગો.જો.આયુર્વેદ કોલેજના ડીન ડૉ.એ.આર.વી.મૂર્તિ વ્યાખ્યાનશ્રેણીના તૃતીય દિવસે અધ્યક્ષસ્થાને હતા.

# રાધીવાડ ગામે ઢોર ચરાવવા બાબતે માર મારતા ફરીયાદ

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ ગામના શેતાનસિંહ કિશોરસિંહ ગોહીલની ખેતીની જમીન ગુદેલ ગામની સીમમાં આવેલ છે. જ્યાં ગત બુધવારના સાંજના સમયે ચાડા ગામના માણસોએ પોતાના ઢોર શેતાનસિંહની ખેતરમાં ચરાવવા છોડેલ તે બાબતે શેતાનસિંહે તેમને ઢોર ન ચરાવવા અને ભેલાણ ન કરવા જણાવતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈને જોગાભાઈ મેરાજભાઈ રબારીનાઓએ શેતાનસિંહને પગના ભાગે લાકડીથી માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બાબતે ફરીયાદીએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં જોગાભાઈ મેરાજભાઈ રબારી, નવગણભાઈ કલ્યાણભાઈ રબારી, લાલાભાઈ વિઠ્ઠલભાઈ રબારી, અમીરભાઈ કાલાભાઈ રબારી, રહે. ચાડા નાઓ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧